Saturday
17.12.2022
*Volume :7 * Issue No.137
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalam gujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-




કમલમ્ ન્યુઝ,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વિજય દિવસના અવસરે ૧૯૭૧ના યુદ્ધમાં ભારતે અસાધારણ જીત હાંસલ કરી તે સુનિશ્ચિત કરનારા તમામ બહાદુર સશસ્ત્ર દળોના જવાનોને શ્રદ્ધાંજલિ આપી છે. એક ટ્વીટમાં, પ્રધાનમંત્રી કહ્યું; ""વિજય દિવસ પર, હું તે તમામ બહાદુર સશસ્ત્ર દળોના જવાનોને શ્રદ્ધાંજલિ આપું છું જેમણે ૧૯૭૧ના યુધ્ધમાં ભારતની અસાધારણ જીત સુનિશ્ચિત કરી હતી. દેશને સુરક્ષિત અને સલામત રાખવામાં તેમની ભૂમિકા માટે આપણું રાષ્ટ્ર હંમેશા સશસ્ત્ર દળોનું ઋણી રહેશે."



કમલમ્ ન્યુઝ,
ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ જી ગુજરાતની બે દિવસની યાત્રાએ પધાર્યા છે. રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે બપોરે રાજભવન, ગાંધીનગર ખાતે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ જી આવતીકાલે સાંજે પરત દિલ્હી જશે.







# ગુજરાત વિદ્યાપીઠમાં રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કોર્પોરેશનના સફાઈ કર્મીઓને સાથે લઈને જાતે સફાઈ અભિયાન આદર્યુ

## ગાંધીયન કહેવડાવતા લોકોની વ્યવસ્થામાં અપાર ગંદકીથી શ્રી આચાર્ય દેવવ્રતજી વ્યથિત

કમલમ્ ન્યુઝ,
મહાત્મા ગાંધીજીના સપનાને સાકાર કરનાર સંસ્થાન ગુજરાત વિદ્યાપીઠ પરિસરની ગંદકી જોઈને રાજ્યપાલ અને ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી આચાર્ય દેવવ્રતજી એટલા દુઃખી અને વ્યથિત થયા છે કે તેઓ સ્વયં હાથમાં પાવડો-ઝાડુ લઈને વિદ્યાપીઠ પરિસરમાં સ્વચ્છતા અભિયાન ચલાવી રહ્યા છે. આજે શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સફાઈકર્મીઓ સાથે મળીને વિદ્યાપીઠના પરિસરમાં જાતે શ્રમયજ્ઞ કરીને સફાઈ કરી હતી. રાજ્યપાલ અને ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ છેલ્લા પંદર દિવસથી વિદ્યાપીઠ પરિસરમાં સ્વચ્છતા અભિયાન ઉપાડ્યું છે. પોતાની જાતને ગાંધીયન ગણાવતા વ્યવસ્થાપકોની વ્યવસ્થામાં ગુજરાત વિદ્યાપીઠ સ્વચ્છતાની દ્રષ્ટિએ ગંદકીનું ઘર બની ગઈ છે. પૂજ્ય ગાંધીજીનું આદર્શ વાક્ય હતું કે, આપણા શૌચાલયો એટલા સ્વચ્છ હોવા જોઈએ કે, ત્યાં બેસીને સંધ્યા-પૂજા કરવાનું મન થાય તેને બદલે ગુજરાત વિદ્યાપીઠના છાત્રાલયોના શૌચાલયો અને સ્નાનાગાર પૂર્ણતઃ ગંદકીથી ભર્યા પડ્યા છે. સ્નાનગૃહોમાં તમાકુના પાઉચ, તૂટેલી પાઈપો અને છાત્રાલયની ગંદી દીવાલો, તૂટેલા પંખા, વિદ્યાર્થીઓના બેહદ ગંદા બિસ્તર અને પારાવાર ગંદકી જોઈને શ્રી આચાર્ય દેવવ્રતજી અત્યંત વ્યથિત થયા હતા. પૂજ્ય ગાંધીજીના આદર્શો પર ચાલતી સંસ્થામાં ભણતા અને રહેતા વિદ્યાર્થીઓ તમાકુનું સેવન તો ન જ કરતા હોવા જોઈએ. તેને બદલે છાત્રાલયની દિવાલો પર તમાકુની થૂંકની પિચકારીઓ અને લાલ થઈ ગયેલી ફર્શ જોઈને શ્રી આચાર્ય દેવવ્રતજી ખૂબ દુઃખી થયા હતા. આજે સવારે તેઓ એકાએક ગુજરાત વિદ્યાપીઠ પહોંચ્યા હતા અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૨૫ થી ૩૦ જેટલા સફાઈ કામદારોને બોલાવીને સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું હતું. ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી રાજેન્દ્ર ખીમાણી અને રજીસ્ટ્રાર શ્રી નિખિલ ભટ્ટને પણ તેમણે સમગ્ર વિદ્યાપીઠ પરિસરમાં



સ્વચ્છતા જાળવવાનો આગ્રહ કર્યો હતો. આ વેળાએ અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારાસન, નાયબ મ્યુનિસિપલ કમિશનર શ્રી આઈ. કે. પટેલ, શ્રી સી. આર. ખારસાણ, મદદનીશ કમિશનર શ્રી રાહુલ શાહ અને અન્ય ઉચ્ચ અધિકારીઓએ ઉપસ્થિત રહીને સ્વચ્છતા અભિયાનમાં સક્રિય યોગદાન આપ્યું હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે અનુસ્નાતક છાત્રાલય સંકુલ, યોગ વિદ્યા વિભાગ અને પ્રાર્થનાસભા સંકુલની મુલાકાત લીધી હતી. આ સ્થળોની પરિસ્થિતિ નિહાળીને તેઓ દુઃખી થયા હતા. ગાંધીયન વિચાર સરણી સાથે કામ કરતી સંસ્થામાં વાસ્તવિક સ્થિતિ કેટલી વિપરીત છે ! ગાંધીયન ગંદકીમાં નિવાસ કરી રહ્યા છે. ગાંધીવિચાર સાથે કામ કરતી સંસ્થાની સ્થિતિથી દુઃખી થઈને તેમણે સ્વયં સ્વચ્છતા અભિયાન ઉપાડ્યું છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાત વિદ્યાપીઠની મુલાકાત વેળાએ કહ્યું હતું કે, યુવા વિદ્યાર્થીઓ ભારે ઉર્જાવાન હોય છે. એમની ઊર્જાને સર્જનાત્મક અને હકારાત્મક બાબતો તરફ વાળવી પડે. દરેક યુવાનોએ દિવસમાં બે વખત પરસેવો પાડવો જ પડે, અન્યથા એ નુકસાનકર્તા સાબિત થાય. ગુજરાત વિદ્યાપીઠના રમતગમતના મેદાનો સૂના પડ્યા છે. રમતગમતના એક પણ સાધનો નથી. રમતના મેદાનો પર ઘાસ ઉગી નીકળ્યું હોય એ જ બતાવે છે કે પરિસ્થિતિ કેટલી ગંભીર છે. પૂજ્ય ગાંધીજીના વિચારો જ્યાં જીવંત છે એ સંસ્થાને આપણે પૂજ્ય ગાંધીજીના વિચારોને અનુરૂપ બનાવવાની છે એમ તેમણે કહ્યું હતું.

# આર્મીમાં જો આહીર રેજીમેન્ટ બનાવી બની જાય તો, દોડાવી દોડાવીને મારશે : BJP સાંસદ નિરહુઆ

કમલમ્ ન્યુઝ,નવીદિલ્હી,
ભારતીય જનતા પાર્ટીના સાંસદ દિનેશ લાલ યાદવ ઉર્ફ નિરહુઆએ ગુરુવારે લોકસભામાં ચીન સાથે ચાલી રહેલા તણાવ પર ટિપ્પણી કરતા કહ્યું કે, જો ભારતીય સેનામાં આહીર રેજીમેન્ટ બનાવવામાં આવે, તો ચીનના ભુક્કા બોલાવી દેશે. ઉત્તર પ્રદેશના આઝમગઢથી લોકસભા સીટના સાંસદ દિનેશ લાલ યાદવે શૂન્યકાળમાં આ વિષયને ઉઠાવતા કહ્યું કે, ભારતીય સેનામાં આહીર રેજીમેન્ટની માગ લાંબા સમયથી ચાલી રહી છે. હું સરકાર પાસે માગ કરી રહ્યો છું કે, સેનામાં ફટાફટ આહીર રેજીમેન્ટ બનાવવામાં આવે. આ ઉપરાંત તેમણે કહ્યું કે, જે દિવસે આહીર રેજીમેન્ટ બની જશે, ચીન થરથર કાંપવા લાગશે. દિનેશ લાલ યાદવે કહ્યું કે, તેનું કારણ એવું છે કે, વર્ષ ૧૯૬૨માં યુદ્ધમાં રેઝાંગલા ચૌકી પર ૧૨૪ આહીર જવાનો તૈનાત હતા, જેમણે ૧૦૦ અને ૨૦૦ નહીં પણ ૩ હજાર ચીની સૈનિકોને માર્યા હતા અને ચીને એવું પણ કહ્યું હતું કે, આ અતિ વીર છે, તેમને હરાવવા મુશ્કેલ છે. આ ઉપરાંત સાંસદ દિનેશ લાલ યાદવે કહ્યું કે, આહીર રેજીમેન્ટ બનાવવાની માગ લાંબા સમયથી ચાલી રહી છે. આહીર રેજીમેન્ટની માગ યોગ્ય પણ છે. કારણ કે, કોઈ પણ ક્ષેત્ર, જાતિ, ધર્મનું સેનામાં યોગદાનને લઈને રેજીમેન્ટ બનાવવામાં આવે છે. જો આહીર રેજીમેન્ટ બની જશે, તો અમારા લોકો ચીનને દોડાવી દોડાવીને મારશે. દિનેશ લાલ યાદવે કહ્યું કે, આ રેજીમેન્ટ એટલા માટે જરુરી છે કે, જેમ કે રાજપૂત રેજીમેન્ટ છે, શિખ રેજીમેન્ટ છે, ભારતમાં ૨૬ કરોડ વસ્તી આહીર સમાજની છે, સેનામાં પણ અમારા સમાજના લોકોનું મોટુ યોગદાન રહ્યું છે, તે ૧૨ ટકા છે. જ્યારે આ



સમાજના લોકોએ દેશ માટે સર્વોચ્ચ બલિદાન કર્યું, ક્યારેય પાછી પાની કરી નથી. પછી તે આઝાદીની લડાઈ હોય કે પછી ૧૯૭૧ની લડાઈ હોય, કારગિલ જંગ હોય, તો પછી તેમની એક અલગ રેજીમેન્ટ શા માટે ન બને.

### પાકિસ્તાની પત્રકારની સવાલનો જયશંકરે આપ્યો જડબાતોડ જવાબ

# આપણે ન્યૂયોર્કનું ૯/૧૧ કે મુંબઈનું ૨૬/૧૧ ફરી થવા દઈ શકીએ નહીં : ભારતીય વિદેશમંત્રી

## ચીન અને પાકિસ્તાનના આતંકવાદને લઈને વિદેશમંત્રીએ કહ્યું, "આંતરરાષ્ટ્રીય સમુદાયે સામુહિક રીતે એ દેશો વિરુદ્ધ કાર્યવાહી કરવી જોઈએ"



કમલમ્ ન્યુઝ,નવીદિલ્હી
ભારતના વિદેશમંત્રી એસ જયશંકરે ગુરુવારે ચીન અને પાકિસ્તાનના આતંકવાદને લઈને બેવડા માપદંડ પર નિશાન સાધ્યું. તેમણે કહ્યુંકે આંતરરાષ્ટ્રીય સમુદાયે સામુહિક રીતે એ દેશો વિરુદ્ધ કાર્યવાહી કરવી જોઈએ જે તેના દ્વારા રાજનીતિક રીતે ફાયદો ઉઠાવવાની કોશિશ કરી રહ્યા છે. સુરક્ષા પરિષદની આતંકવાદ વિરોધી બ્રિફિંગમાં તેમણે કહ્યું કે આપણે ન્યૂયોર્કનું ૯/૧૧ કે મુંબઈનું ૨૬/૧૧ ફરી થવા દઈ શકીએ નહીં. ત્યારબાદ જયશંકરે પ્રેસના સવાલોના જવાબ પણ આપ્યા અને પાકિસ્તાની રિપોર્ટરની બોલતી બંધ કરી દીધી. વાત જાણે એમ છે કે પત્રકારોના સવાલોના જવાબ આપવાના એક સત્રમાં એક પાકિસ્તાની પત્રકારે જયશંકરને એક પ્રશ્ન પૂછ્યો. પાકિસ્તાની પત્રકારનો સવાલ દક્ષણ એશિયામાં આતંકવાદને લઈને હતો. ભારતીય વિદેશમંત્રીએ આ સવાલનો જવાબ અગ્નિ-૫ મિસાઈલ જેવી મારક ક્ષમતા જેવો આપ્યો. પાકિસ્તાની પત્રકારે પૂછ્યું કે દક્ષિણ એશિયાએ ક્યાં સુધી આ આતંકવાદ ઝેલવો પડશે જે નવી દિલ્હી, કાબુલ, અને પાકિસ્તાનથી ફેલાઈ રહ્યો છે? આ પ્રશ્ન પર નજર ફેરવીએ તો પાકિસ્તાની પત્રકારે આતંકવાદ ફેલાવનારાઓની યાદીમાં ભારતને પણ સામેલ કરવાની કોશિશ કરી પરંતુ પત્રકારની આ હરકત અને તેના એજન્ડાને જયશંકરે ઓળખી કાઢ્યો. તેમણે કહ્યું કે પહેલા તેઓ આતંકવાદ પર જવાબ લઈ લે. જયશંકરે પાકિસ્તાની પત્રકારને કહ્યું કે તેમણે આતંકવાદ પર પાકિસ્તાનના મંત્રીને સવાલ કરવો જોઈએ, ભારતના મંત્રીને નહીં. તેમણે કહ્યું કે પાકિસ્તાન દુનિયાનું ધ્યાન ભટકાવવાની ગમે તેટલી કોશિશ કરે પરંતુ હવે દુનિયા તેની વાતોમાં આવશે નહીં કારણ કે બધાને ખબર પડી ગઈ છે કે આતંકવાદની જનની કોણ છે. જયશંકરે પાકિસ્તાની પત્રકારને કહ્યું કે, 'તમને ખબર હોવી જોઈએ કે તમે ખોટા મંત્રીને પૂછી રહ્યા છો કે આખરે આ બધુ ક્યાં સુધી ચાલશે. તમારે પાકિસ્તાનના મંત્રીને એ પૂછવું જોઈએ કારણ કે પાકિસ્તાન ક્યાં સુધી આતંકવાદનો સહારો લેતું રહેશે એ તો એ જ જણાવી શકશે. આખરે દુનિયા મુરખ નથી અને ન તો કંઈ ભૂલે છે. દુનિયા આતંકવાદમાં સંડોવાયેલા દેશો, સંગઠનો અને લોકોની ઓળખ સારી પેઠે કરી શકે છે. તમે ચર્ચાને નવા નવા વળાંક આપીને આતંકવાદ પર પડદો નાખવામાં સફળ થઈ શકશો નહીં. તમે કોઈને પણ હવે ગૂંચવણમાં રાખી શકશો નહીં. લોકોએ બરાબર રીતે સમજી લીધુ છે કે આતંકવાદનો ગઢ ક્યાં છે. આથી મારી સલાહ છે કે કૃપા ઢંગથી કામ કરો અને સારા પાડોશી બનવાની કોશિશ કરો, કૃપા કરીને એ કરો જે આજે દુનિયા કરી રહી છે- આર્થિક વિકાસ, પ્રગતિ, વિકાસ, આશા રાખુ છું કે તમારી ચેનલ દ્વારા આ સંદેશ ત્યાં (પાકિસ્તાનને) પહોંચી જશે. આ અગાઉ વિદેશમંત્રી એસ જયશંકરે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પત્રકારો સાથે વાતચીતમાં કહ્યું કે દુનિયા પાકિસ્તાનને આતંકવાદના કેન્દ્ર તરીકે જુએ છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે બે વર્ષના કોવિડ ૧૯ મહામારીના દોર છતાં વૈશ્વિક સમુદાય એ નથી ભૂલ્યું કે આતંકવાદની આ બદીના મૂળ ક્યાં છે. જયશંકરે 'યુએનએસસી બ્રિફિંગઃ ગ્લોબલ કાઉન્ટર ટેરરિઝમ એપ્રોચઃ ચેલેન્જ એન્ડ વે ફોરવર્ડ' વિષય પર થયેલી ચર્ચાની અધ્યક્ષતા કરી. વિદેશમંત્રીએ કહ્યું કે તેઓ જે પણ કંઈ કહી રહ્યા હોય, પણ સચ્ચાઈ એ છે કે બધા લોકો, સમગ્ર દુનિયા આજે તેમને આતંકવાદના કેન્દ્ર તરીકે જુએ છે. જયશંકરે કહ્યું કે મને ખબર છે કે આપણે અઢી વર્ષથી કોવિડ સામે ઝઝૂમી રહ્યા છીએ અને આ કારણે યાદો થોડી ધૂંધળી થઈ ગઈ છે. પરંતુ હું તમને આશ્વાસન આપું છું કે દુનિયા એ નથી ભૂલી કે આતંકવાદ શરૂ ક્યાંથી થાય છે અને ક્ષેત્રમાં તથા ક્ષેત્ર બહાર તમામ ગતિવિધિઓ પર કોની છાપ નજરે ચડે છે. તેમણે કહ્યું કે આથી હું કહીશ કે કોઈ પણ પ્રકારની કલ્પનામાં જીવવા કરતા તેમણે પોતાને એ વાત યાદ અપાવવી જોઈએ. જયશંકર પાકિસ્તાનના વિદેશ રાજ્યમંત્રી હિના રબ્બાની ખારના હાલના આરોપ પર પૂછાયેલા સવાલનો જવાબ આપી રહ્યા હતા. ખારે આરોપ લગાવ્યો હતો કે આતંકવાદનો ઉપયોગ ભારતથી સારું અન્ય કોઈ દેશે કર્યો નથી. વિદેશમંત્રી જયશંકરે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કાશ્મીર મુદ્દો ઉઠાવવા બદલ પાકિસ્તાનને ફટકાર પણ લગાવી હતી. તેમણે કહ્યું કે જે દેશે અલ કાયદાના પૂર્વ ચીફ ઓસામા બિન લાદેનને સુરક્ષિત આસરો આપ્યો અને પાડોશી દેશની સંસદ પર હુમલો કર્યો તેને યુએનની આ શક્તિશાળી સંસ્થામાં ઉપદેશ આપવાનો કોઈ અધિકાર નથી. સુરક્ષા પરિષદમાં સંશોધિત બહુપક્ષવાદ પર ચર્ચા દરમિયાન જ્યારે ભારતના સ્થાયી પ્રતિનિધિ રૂચિરા કંબોજ અધ્યક્ષતા કરી રહ્યા હતા ત્યારે પાકિસ્તાની વિદેશમંત્રી બિલાવલ ભુટ્ટોએ કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો હતો. બિલાવલે કહ્યું હતુ કે કાશ્મીરનો મુદ્દો હજુ ઉકેલાયો નથી. જો તમે (ભારત) બહુપક્ષવાદની સફળતા જોવા માંગતા હોવ તો કાશ્મીરના મુદ્દે તમે UNSC ના પ્રસ્તાવને લાગૂ કરવાની મંજૂરી આપી શકો છો. સાબિત કરો કે તમારી અધ્યક્ષતામાં UNSC અમારા ક્ષેત્ર (કાશ્મીર)માં શાંતિ લાવી શકે છે.

# દ્વારકા જગતમંદિરમાં ધનુર્માસ ઉત્સવ દરમિયાન શ્રીજીના દર્શનના સમયમાં થશે ફેરફારો!..



કમલમ્ ન્યુઝ,દ્વારકા
હાલ ઠંડીની મૌસમ એટલે કે શીત ઋતુ ચાલી રહી છે. ત્યારે તેની માનવ જીવન પર ખૂબ અસર થતી હોય છે અને મનુષ્યો ઠંડીથી બચવા અનેક ઉપાયોકરતા હોય છે. ત્યારે યાત્રાધામ દ્વારકા જગતમંદિરમાં ભગવાન દ્વારીકાધીશને ઠંડી લાગે છે તે ભાવથી પૂજારી પરિવાર દ્વારા વિશેષ સેવા અને ઉપાયો કરવામાં આવે છે. ત્યારે દ્વારકા સ્થિત જગતમંદિરમાં દરરોજ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો તથા બહારગામથી મોટી સંખ્યામાં ભકતો દર્શનાર્થે આવતા હોય છે. તેમને સુચારૂરૂપે દર્શન થાય તેવા ઉમદા હેતુથી દ્વારકા જગતમંદિરનો વહિવટ કરતી દેવસ્થાન સમિતિ દ્વારા આવતા દિવસોમાં આવનાર ધનુર્માસ ઉત્સવ દરમિયાન શ્રીજીના દર્શનમાં થવાના ફેરફારનો સમય દર્શાવવામાં આવ્યો છે. હાલ શિયાળાની મૌસમ ચાલુ થઈ છે. લોકો ગરમ વસ્ત્રો પહેરવાના શરૂ કર્યા છે. ત્યારે ભગવાન દ્વારીકાધીશના પૂજારીઓ ભગવાનને શીત રાત્રિમાં ગરમ વસ્ત્રો પરિધાન કરાવે છે. સવારે મંગળા આરતી બાદ ભગવાનની સન્નમુખ ચાંદીની સગડીમાં તાપણું કરી ભગવાનને ઠંડીના લાગે તેવો ભાવ કરવામાં આવે છે. શીયાળાના સમયમાં અભિષેક સ્નાન બાદ ભગવાનની સેજામાં સૌભાગ્ય સૂંઠ જેમા સુંઠ, ઘી, ગોળ, તજ, લવિંગ, જાવીત્રી, કસ્તુરી, કેશર, કાળી મુસરી, ધોળી મુસરી, બદામ, પીસ્તા, કાજુ ઠાકોરજીને ધરવામાં આવે છે. ચાંદીના વાસણમાં કેશરયુક્ત દુધ ધરી ઠંડી ઓછી પડે તેવો ભાવ કરવામાં આવે છે. ભગવાનને ધરાતા રાજભોગમાં અડદીયા તેમજ રીંગણાનો ઓળો, બાજરાનો રોટલો વગેરે ધરવામાં આવે છે. આવી જ રીતે સંધ્યા સમય બાદ શ્રીજીને ગરમ ઉનના કપડા, શાલની રજાઈ વગેરે પહેરાવી, સગડીનું તાપણું કરીને ભગવાનને પોઢાડવામાં આવે છે. આગામી વસંત પંચમીના જ્યારે ગ્રીષ્મ ઋતુની શરૂઆત સુધી આજ રીતે ભગવાનની સેવા પુજારી પરિવાર દ્વારા કરવામાં આવે છે. ત્યારે દ્વારકા આવતા પ્રવાસીઓ પણ ભગવાનને ગરમ વસ્ત્રોમાં પરિધાન જોઈ આશ્ચર્ય ચકીત થાય છે. દરરોજ ભગવાનના આ સ્વરૂપ સોશિયલ મીડિયા દ્વારા અનેક લોકો દર્શન કરી પ્રભાવિત થાય છે. દ્વારકા જગતમંદિરનો વહિવટ કરતી દેવસ્થાન સમિતિ દ્વારા આવતા દિવસોમાં આવનાર ધનુર્માસ ઉત્સવ દરમિયાન શ્રીજીના દર્શનમાં થવાના ફેરફારનો સમય દર્શાવવામાં આવ્યો છે. જયાં મંગળવાર તારીખ ૨૦ ડિસેમ્બરના ધનુર્માસના રોજ મંગળા આરતી સવારે ૫.૩૦ વાગ્યે, અનોસર (મંદિર બંધ) ૧૦.૩૦ વાગ્યે, ઉત્થાપન સાંજે ૫ વાગ્યે તથા ત્યારબાદનો કાર્યક્રમ રાબેતા મુજબનો રહેશે. આ ઉપરાંત મંગળવાર તારીખ ૩ જાન્યુઆરીના ધનુર્માસના રોજ મંગળા આરતી સવારે ૫.૩૦ વાગ્યે, અનોસર (મંદિર બંધ) ૧૦.૩૦ વાગ્યે, ઉત્થાપન સાંજે ૫ વાગ્યે તથા ત્યારબાદનો કાર્યક્રમ રાબેતા મુજબનો રહેશે. આજ રીતે તારીખ ૧૦ તથા ૧૨ જાન્યુઆરી ધનુર્માસના રોજ પણ મંગળા આરતી સવારે ૫.૩૦ વાગ્યે, અનોસર સવારે ૧૦.૩૦ વાગ્યે ઉત્થાપન સાંજે ૫ વાગ્યા બાદનો કાર્યક્રમ રાબેતા મુજબનો રહેશે.

# પર્વતના બોડા માથા પર વૃક્ષોના વાળ ની હરિયાળી સર્જવાનો વન વિભાગનો કર્મયોગ...

**ઊંધી રકાબી જેવી અસમતળ જમીનમાં વૃક્ષ ઉછેર પડકારજનક હોવા છતાં શ્રમિકોના સહયોગથી વનવિભાગ વ્યાયામ કરી રહ્યું છે ...**



કમલમ્ ન્યુઝ,વડોદરા,

બહુધા વૃક્ષોને શાખાઓ હોય.પણ મધ્ય ગુજરાત માટે પર્વતરાજ અને આખા દેશના શ્રધ્ધાળુઓ માટે પવિત્ર શક્તિપીઠ એવો પાવાગઢ પર્વત ભુજાઓ જેવી ટેકરીઓની શાખાઓ ધરાવે છે.ખીણ થી વિભાજીત થઈને વિસ્તરેલી પાવાગઢની આવી જ એક શાખા,માઈ મંદિરની બિલકુલ પાછળ આવેલો અને ઊંધી રકાબી જેવું ભૂતલ ધરાવતો નવલખા કોઠાર વિસ્તાર છે. અહીં ઈતિહાસની ધરોહર જેવા અવશેષો સચવાયા છે પણ ડુંગરની ટોચ બહુધા બોડી છે.હા,ચોમાસામાં માથોડા ઊંચું ઘાસ અવશ્ય ઉગી નીકળે છે. આ પ્રાચીન માઈ મંદિરના અદભુત નવીનીકરણ ના પ્રેરક પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વાળ વગરના બોડા માથા જેવા ડુંગરના આ વિસ્તારને વૃક્ષો ઉછેરીને હરિયાળો બનાવવાનું એક અઘરું હોમવર્ક - ગૃહકાર્ય વન વિભાગને સોંપ્યું છે.અને એ લેશન પૂરું કરવા વન વિભાગ એક આજ્ઞાંકિત વિદ્યાર્થિની જેમ કામે લાગી ગયું છે.કુદરતની એક મહેર જેવું પ્રાચીન તળાવ આ કામમાં આશીવાદ રૂપ બન્યું છે અને ગોધરા વન વિભાગે આ તળાવ અને કૂવાના અમૃતજળની મદદથી, પાઈપોનું જાળું પાથરીને ટપક સિંચાઇ થી વૃક્ષો ઉછેરવાનું શરુ કર્યું છે.આ પટ્ટામાં જુદી જુદી દેશી પ્રજાતિઓના ૧૧ હજાર રોપા વાવીને વૃક્ષ ઉછેર હાથ ધરવામાં આવ્યો છે અને પંચમહાલ જિલ્લાના પરિશ્રમી આદિવાસી શ્રમિકોની મદદ થી ઘણાં પડકારો વચ્ચે આ કામ કરવામાં આવી રહ્યું છે. આ વનીકરણ ગોધરા વન વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી એમ.એલ. મીનાના માર્ગદર્શન હેઠળ કાર્યકારી સહાયક વન સંરક્ષક શ્રી એસ.એસ. બારીયા અને ફોરેસ્ટર તથા વન સહાયકોની ટીમ કરી રહી છે. આ પટ્ટામાં વૃક્ષ ઉછેરની દેખરેખ રાખતા બીટગાર્ડ પંકજ ચૌધરી કહે છે કે અહીં દૂધવાળા વૃક્ષો એટલે કે વડ,પીપળા,કરમદા, જમીન સંરક્ષક કેતકી ના રોપા વાવીએ છે જે જમીન સાથે ઝડપથી ચોંટી જવાનો ગુણ ધરાવે છે.ટપક સિંચાઇ થી આ ઉબડ ખાબડ વિસ્તારમાં પાણી આપવાનું કામ સરળ બન્યું છે. જો કે પડકારો પણ ઘણાં છે.શાહુડી નું આ વિસ્તાર કુદરતી રહેઠાણ છે. એ ઘણીવાર પાઈપો કાપી નાખે છે.કુમળા છોડનું કુમળું થડ ચાવી જાય છે.એટલે રોજે રોજે નિરીક્ષણ કરીને બધું સરખું કરવું પડે છે.તેઓ કહે છે આ વિસ્તારમાં મારા દૈનિક આંટાફેરાનો સરવાળો કરીએ તો સરેરાશ દશ કિલોમીટર થાય. શ્રમિકો આકરા તાપમાં ટપક સિંચાઇ ની પાઈપો સરખી કરવાનું,નવા રોપા માટે ખાડા ખોદવાનું કામ કરતાં જોવા મળે છે.અને પરિશ્રમ ની વચ્ચે તપેલા ખડક પર મજે થી બેસી મકાઈ ના રોટલા અને મરચાના બપોરા કરે છે ત્યારે લાગે કે સુખ કે દુઃખ એ તો મનની અનુભૂતિ છે બાકી તમે કોઈપણ પરિસ્થિતિમાં ચાહો મોજ કરી શકો છો. પાવાગઢની ખીણોમાં હરિયાળી છે પરંતુ ટોચ બહુધા બોડી છે.વન વિભાગ પડકારો વચ્ચે એને લીલી કરવા પ્રયત્ન કરી રહ્યો છે.



કમલમ્ ન્યુઝ,

નારી ચોકડી સર્કલ ખાતે ટ્રાફિક પોલીસ દ્વારા હેવી વાહનો તથા મીની ગાડીઓમાં રેડિયમ પટ્ટી લગાવી ગાડીઓમાં આગળની બાજુ તેમજ પાછળની બાજુ રેડિયમ પટ્ટી લગાડવાનો ફાયદો જણાવીને ડ્રાઈવરોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ડ્રાઈવિંગ કરતી વખતે ધ્યાનમાં રાખવાની અન્ય સેફટી ની બાબતો અંગે પણ ડ્રાઈવરોને જાગૃત કરાયા હતા. અવરનેસના આ કાર્યક્રમમાં ટ્રાફિક પી. આઈ. શ્રી આર.એમ. ઠાકોર તથા ટ્રાફિક બ્રાન્ચના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# દિલ્હી ખાતે બીઝનેશ આઈકોન એવોર્ડસમારંભનું આયોજન કરાયું




કમલમ્ ન્યુઝ,બીના પટેલ

દિલ્હી સ્થિત NNS On line પ્રાઈવેટ લિ. દ્વારા આયોજીત ગ્લોબલ બીઝનેશ આઈકોન એવોર્ડ સમારંભનું આયોજન કરવામા આવેલ હતુ આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીય શ્રી દેવુસિંહ ચૌહાણ, સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ અને ડૉ.એચ.બી.એસ. લામ્બા સહિત મોટી સંખ્યામા એવોર્ડ વિજેતા ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજના માર્કેટ યાર્ડ ખાતે ટ્રેક્ટરની સ્થળ તપાસણી કેમ્પ યોજાયો



કમલમ્ ન્યુઝ,મનુનાયી.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના માર્કેટ યાર્ડ ખાતે તા.૧૫/૧૨/૨૦૨૨ના રોજ તાલુકા અમલીકરણ અધિકારીશ્રી યોગેશભાઇ ગઢવી અને ખેતીવાડી વિસ્તરણ અધિકારીશ્રી હિરેનભાઈ પટેલ દ્વારા મળવાપાત્ર સબસીડી ટ્રેક્ટરની સ્થળ તપાસણી કરવામાં આવી હતી. ખેડૂતો દ્વારા ખરીદી કરવામાં આવેલા ટ્રેક્ટરો છે તે પૈકીના ૨૦૪ જેટલા ટ્રેક્ટરનું સ્થળ પર નિરીક્ષણ કર્યુ હતુ. અને હવે પછી સબસીડી હેઠળ લાભ મેળવવાપાત્ર ખેડૂતોને ટ્રેક્ટર સુપ્રત કરવામાં આવશે. ખેતીવાડી વિભાગ દ્વારા આઈ ખેડૂત પોર્ટલ દ્વારા ખેડૂતોને વિવિધ યોજનાકીય લાભ ખેતીવાડી ખાતા દ્વારા આપવામાં આવે છે. જેમાં ખેતીવાડી,પશુપાલન, બાગાયતી તેમજ અન્ય યોજનાઓનો સમાવેશ થાય છે. સાબરકાંઠા જિલ્લામાં આ યોજનાઓ પૈકી ખેતીવાડી યોજના અંતગર્ત ખેડૂતોને અન્ય સહાયની સાથે ટ્રેક્ટર સહાયનો લાભ પણ આપવામાં આવે છે. જેમાં ખેડૂતને સરકારી ધારાધોરણ પ્રમાણે ૪૫ હજાર થી ૬૦ હજાર સુધીનો સબસીડીનો લાભ આપવામાં આવે છે. સબસીડીમાં મળતી સહાયના નાણા ખેડૂત લાભાર્થીના બેંક ખાતામાં સીધા દ્રઈહ્ન દ્વારા સીધા જમા કરવામાં આવશે. તેમ પ્રાંતિજ તાલુકાના ગ્રામસેવકશ્રીઓ તથા ખેતીવાડીના અધિકારીશ્રી દ્વારા જણાવવામાં આવ્યુ હતુ.

# જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લામાં આર્મી કેમ્પની બહાર ફાયરિંગની ઘટનામાં બે નાગરિકોના મોત થયા

**જમ્મુ અને કાશ્મીરના રાજૌરીમાં આતંકવાદીઓના ફાયરિંગમાં ૨ લોકોના મોત, ગુસ્સે ભરાયેલા લોકોએ તોડફોડ અને પથ્થરમારો કર્યો**

કમલમ્ ન્યુઝ,શ્રીનગર

જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લામાં આજે સવારે આર્મી કેમ્પની બહાર ફાયરિંગની ઘટનામાં બે નાગરિકોના મોત થયા હતા અને અન્ય એક વ્યક્તિ ઘાયલ થયો હતો. અધિકારીઓએ આ માહિતી આપી હતી. સેનાએ ગોળીબાર અને નાગરિકોની જાનહાનિ માટે "અજાણ્યા આતંકવાદીઓ" ને જવાબદાર ઠેરવ્યા હતા, જ્યારે અધિકારીઓએ અગાઉ કહ્યું હતું કે સૈન્ય સંત્રીએ કથિત રીતે ગોળીબાર કર્યો હતો, જેના કારણે જાનહાનિ થઈ હતી. આ ઘટના પછી તરત જ, સ્થાનિક લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને આલ્ફા ગેટની બહાર થયેલી હત્યાના વિરોધમાં આર્મી કેમ્પ પર પથ્થરમારો કર્યો હતો. રોષે ભરાયેલા સ્થાનિકોએ જમ્મુ-પૂંચ નેશનલ હાઈવેને બ્લોક કરી દીધો હતો અને ઘટનાની તપાસની માંગ કરી હતી. રોષે ભરાયેલા સ્થાનિકોને શાંત કરવા સિનિયર સિવિલ અને પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેમણે કહ્યું કે આ ઘટના સવારે ૬.૧૫ વાગ્યાની આસપાસ બની જ્યારે સ્થાનિક લોકોનું એક જૂથ આર્મી કેમ્પના આલ્ફા ગેટ પાસે કામ માટે જઈ રહ્યું હતું.

અધિકારીઓએ મૃતકોની ઓળખ કમલ કુમાર અને સુરિન્દર કુમાર તરીકે કરી છે. બંને રાજૌરીના ફરિયાના વોર્ડ નંબર-૧૫ના રહેવાસી હતા. ફાયરિંગમાં ઘાયલ થયેલા અનિલ કુમાર ઉત્તરાખંડનો રહેવાસી છે, જેની સેનાની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. સેનાની 'વ્હાઈટ નાઈટ કોર્પ્સ'એ તેના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર ટ્વિટ કર્યું, 'રાજૌરીમાં સવારે સૈન્ય હોસ્પિટલ નજીક અજાણ્યા આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા ગોળીબારની ઘટનામાં બે લોકોના મોત થયા છે. પોલીસ, સુરક્ષા દળો અને નાગરિક પ્રશાસનના અધિકારીઓ ઘટનાસ્થળે હાજર છે.અધિકારીએ કહ્યું કે શહેરમાં સ્થિતિ તંગ છે પરંતુ નિયંત્રણમાં છે. એસએસપી રાજૌરી મોહમ્મદ અસલમ ચૌધરીએ જણાવ્યું કે માર્યા ગયેલા બંને લોકો સેના માટે પોર્ટર તરીકે કામ કરતા હતા. રોષે ભરાયેલા સ્થાનિકોએ મૃતકોના પરિવારજનોને ૧૦-૧૦ લાખ રૂપિયાનું વળતર, તેમના સંબંધીઓને નોકરી અને બાળકોને



મફત શિક્ષણની માંગ કરી છે. આ પહેલા બુધવારે રાજૌરીના મુરાદપુરમાં સેના અને પોલીસ દ્વારા શંકાસ્પદ દેખાતા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સ્થાનિક લોકોએ પોલીસને જણાવ્યું હતું કે સવારે લગભગ ૫ વાગ્યે, બે અજાણ્યા લોકો તેમના ખભા પર બેગ લઈને તેમના પરિસરમાં ઘૂસ્યા અને તેમને દરવાજો ખોલવાનું કહ્યું. તેઓએ આસપાસના લોકોને બોલાવ્યા અને અવાજ કરવા લાગ્યા, ત્યારબાદ બંને અજાણ્યાઓ ભાગી ગયા, પરંતુ તરત જ સેના અને પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને સર્ચ ઓપરેશન શરૂ કર્યું. લગભગ ૬ કલાક સુધી સેના અને પોલીસે દરેક ખૂણે ખૂણે શોધખોળ કરી, પરંતુ કોઈ સફળતા મળી ન હતી.

# મુન્દ્રાના સ્વામિનારાયણ મંદિરે શનિવારથી ધનુર્માસ દરમ્યાન ધૂન-ભજનના કાર્યક્રમો યોજાશે

**ભજન ભક્તિ માટે મહત્વના ધનુર્માસમાં મંદિરમાં જાપ કરવાથી અનંતગણું વધારે મળે ફળ મળે છે**



કમલમ્ ન્યુઝ,મુન્દ્રા,

માગસર વદ નોમ અને શનિવારથી ધનુર્માસનો પ્રારંભ થતાં જ મંદિરોમાં વહેલી સવારથી ધૂન - ભજન - કિર્તનનો પ્રારંભ થવા જઈ રહ્યો છે ત્યારે મુન્દ્રાના પારસ નગર ખાતે આવેલા સ્વામિનારાયણ મંદિર ખાતે સંખ્યયોગી સામબાઈફુઈની નિશ્રામાં સંતો હરિભકતો દ્વારા ધનુર્માસ નિમિતે દરરોજ સવારે ૫:૪૫ વાગે મંગળા આરતી, ૬ થી ૭ દરમ્યાન ધૂન - ભજન અને ૭ વાગ્યે રાજભોગ આરતી કરવામાં આવશે. જેની પૂર્ણાહુતી તા.૧૪મી જાન્યુઆરી, પોષ વદ સાતમને શનિવારે ઉત્તરાયણ - મકરસંક્રાતિના દિવસે કરવામાં આવશે. ત્યારબાદ જ લગ્ન - મકાન આદિના પ્રારંભના માંગલિક કાર્યો કરવામાં આવતા હોય છે. ધનુર્માસ અંગે વધુ વિગત આપતા મંદિરના પૂજારી કીર્તિભાઈએ જણાવ્યું હતું કે આગામી ૧૮મી ડિસેમ્બરને રવિવારે સાંજે ૬ વાગે મહાપૂજા સાથે મહા અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવેલ છે તથા ૨૩ થી ૨૫ ડિસેમ્બર દરમ્યાન દરરોજ સાંજે ૬ વાગ્યે ભુજ મંદિરના સંતો દ્વારા સત્સંગ કથાનું રસપાન કરાવવામાં આવશે. તથા ૨૫ ડિસેમ્બર, રવિવારે ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવેલ છે જેનો સૌ ધર્મપ્રેમી હરિભકતોએ લાભ લેવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવેલ છે. પાટોત્સવના યજમાનપદે પીયૂષભાઈ હસમુખભાઈ શાહ સેવા આપશે તથા સમગ્ર માસ દરમ્યાન ડો. કેશુભાઈ મોરસાણીયા, જયેશભાઈ પટેલ, હિતેશભાઈ પટેલ, રસિકભાઈ પટેલની ટિમ વ્યવસ્થા સંભાળશે એવું એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# સમય ની સાથે તાલ મીલાવવા માટે ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી કટિબદ્ધ

**ભાવનગર પ્રાદેશિક કચેરી ખાતે કા. કુલપતિ ડો.અમીબેન ઉપાધ્યાય ની સંચાલકો સાથે શુભેચ્છા મુલાકાત યોજાઈ**



સંચાલકો સાથેની બેઠકમાં યુનિવર્સિટી દ્વારા ભવિષ્યના પ્લાનીંગની રૂપરેખા આપતા ડો.અમીબેન ઉપાધ્યાય

કમલમ્ ન્યુઝ,

આજના સમયમાં બદલાયેલી શિક્ષણની વ્યાખ્યા સાથે સતત બદલાતી શિક્ષણ ની મૂલ્ય સાપેક્ષાતા ને ધ્યાને લઈને "એજ્યુકેશન ફોર ઓલ" ના ધ્યેય સાથે આગળ ધપી રહેલી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ પ્રો.(ડૉ.) અમીબેન ઉપાધ્યાય ભાવનગર રિજ્યોનલ સેન્ટર હેઠળના ભાવનગર, અમરેલી અને બોટાદમાં કાર્યરત યુનિવર્સિટીના કોલેજ કેન્દ્રોના સંચાલકો, પ્રાધ્યાપકો,અધ્યાપકો તમામને સમાન શિક્ષણનો લાભ આપવા માટે સતત પ્રયત્નશીલ રહેવા માર્ગદર્શન આપ્યું હતું. ભાવનગર શહેરના વાઘાવાડી રોડ સ્થિત મ. કૃ. ભાવ.યુનિ.ના જૂના કેમ્પસમાં આવેલ શામળદાસ કોલેજ નજીકના પ્રિન્સિપાલ બંગલો ખાતે કાર્યરત થયેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.ના રિજ્યોનલ સેન્ટરની યુનિ.ના કા.કુલપતિ પ્રો.(ડૉ.) અમીબેન ઉપાધ્યાયે મુલાકાત લીધી હતી. આ તકે ભાવનગર રિજ્યોનલ સેન્ટર હેઠળના ભાવનગર, અમરેલી અને બોટાદ જિલ્લામાં કાર્યરત કોલેજ સેન્ટરના સંચાલકો, પ્રાધ્યાપકો અને અધ્યાપકો તથા શિક્ષણવિદો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કા.કુલપતિશ્રી પ્રો.(ડૉ) અમીબેન ઉપાધ્યાયની અધ્યક્ષતામાં " એજ્યુકેશન ફોર ઓલ " ના શિર્ષક હેઠળ શિક્ષણ સંગોષ્ઠિ યોજાઈ હતી. ગંગોષ્ટિના પ્રારંભે ભાવનગરના ડાયરેક્ટર ડૉ. પ્રીતિબેન જોષીએ સ્વાગત કર્યું હતું. આ તકે કા. કુલપતિ પ્રો.(ડૉ) અમીબેન ઉપાધ્યાયે જણાવ્યું હતું કે આજના આધુનિક સમયમાં શિક્ષણ એ પાયાની જરૂરિયાત બની ગઈ છે. આજનો યુવા વર્ગ શિક્ષણ મેળવવા કાર્યશીલ થયો છે ત્યારે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. આવા એજયુકેશન ને લગતા પ્રશ્નોના સુખદ ઉકેલ લઈને સમગ્ર રાજ્યમાં કામ કરી રહી હોવાનું જણાવ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે તમામને સમાન શિક્ષણ નો હક્ક છે. તેને ચરિતાર્થ કરવાની ફરજ સૌની હોવાનું કહ્યું હતું. તેમણે કોલેજ સેન્ટર સંચાલકો, પ્રાધાપકો તથા અધ્યાપકોને સંબોધતા ઉમેર્યું કે, ભાવનગરઅમરેલી અને બોટાદ વિસ્તારના વિદ્યાર્થી વર્ગને યુનિ.માં ચાલતાં સ્નાતક, અનુસ્નાતક અને ડિપ્લોમા જેવા રોજગાર સહિતના બહુવિધ આયામી અભ્યાસક્રમ અંગે અવગત કરી તેમાં જોડાવા પ્રયત્નશીલ બનાવવા આહ્વાન કર્યું હતું. અંતમાં ભાવનગર રિજ્યોનલ સેન્ટરના ધર્મેન્દ્રસિંહ ગોહિલ એ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આસીસ્ટન્ટ રીજયોનલ ડાયરેક્ટર વૈભવભાઈ મહેતાએ કર્યું હતું. શિક્ષણ સંગોષ્ઠિના અંતે તેમણે ભાવનગર રિજ્યોનલ સેન્ટર હસ્તક ચાલતી વિવિધ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

# જિલ્લા કલેક્ટર શ્રી હિતેષ કોયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા સૈનિક કલ્યાણ સમિતિની ત્રિમાસિક બેઠક યોજાઈ

**દસ લાખના લક્ષ્યાંક સામે રૂ. ૧૩,૬૪,૬૦૦/- ૧૩૬.૪૬% સિદ્ધિ હાંસલ કરી**

**સશસ્ત્ર સેના ધ્વજ દિન નિમિત્તે સૌથી વધુ ફાળો આપનાર અને આર્થિક યોગદાન આપનાર સ્કૂલના આચાર્યશ્રી, વિવિધ કચેરીના વડાને ટ્રોફી આપી જિલ્લા કલેકટરશ્રી એ સન્માન કર્યું. સૌથી વધુ ફાળો એકત્ર કરનાર જિલ્લા પોલીસ વડા શ્રી વિશાલ વાઘેલા અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીને પણ ટ્રોફી આપી સન્માન કરાયું**




કમલમ્ ન્યુઝ,હિંમતનગર

જિલ્લા સૈનિક કલ્યાણ સમિતિની ત્રિમાસિક બેઠક જિલ્લા કલેકટરશ્રી હિતેષ કોયાની અધ્યક્ષતામાં કલેકટર કચેરી પોળો હોલ ખાતે મળી હતી. જેમાં સૈનિકો દ્વારા ૧૯૭૧ના યુદ્ધમાં વિજય મેળવવા બદલ અને સૈનિકોની બહાદુરી અંગે ટૂંકીફિલ્મ રજૂ કરાઈ હતી અને જિલ્લા સૈનિક કલ્યાણ બોર્ડ દ્વારા કરવામાં આવતી કામગીરી અંગે પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીએ ગત ૧૭ જૂન ૨૦૨૨ ના રોજ મળેલ બેઠકની વિગતો રજૂ કરી હતી અને આજે તા. ૧૬/ ૧૨/ ૨૦૨૨ ના રોજ મળેલ બેઠકના એજન્ડા રજૂ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી દિપેશ શાહ, જિલ્લા પોલીસ વડા શ્રી વિશાલ વાઘેલા તથા સૈનિક વેલ્ફેર બોર્ડના લેફ્ટનન્ટ કર્નલ એમ.બી.પટેલ તથા સશસ્ત્ર સેના ધ્વજ દિન નિમિત્તો આર્થિક યોગદાન આપનાર સંસ્થાના વડા, સ્કૂલના પ્રિન્સિપાલ તથા વિવિધ કચેરીના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા. સારો ફાળો આપનારને ટ્રોફી આપી અધ્યક્ષ શ્રી અને અધિકારી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. સશસ્ત્ર સેના ધ્વજ દિન ૨૦૨૨ ના વર્ષમાં ૧૦ લાખના લક્ષ્યાંક સામે રૂ. ૧૩,૬૪,૬૦૦/- એટલે કે ૧૩૬.૪૬ ટકા ની સિદ્ધિ કોરોના કાળમાં પણ કરવામાં આવી છે. જે આપણા માટે ગૌરવની વાત છે. જ્યારે ચાલુ વર્ષ દરમિયાન અત્યાર સુધીમાં રૂ. ૫,૩૭,૬૯૯/- એટલે કે ૫૩.૩૬% ફાળો મળેલ છે જેને પણ ફાળો આપવાનો હોય તે ૩૧/૧/૨૦૨૩ સુધીમાં ફાળો જમા કરાવી દેવા અપીલ કરવામાં આવી હતી. આ લક્ષ્યાંક પણ સૌ સાથે મળીને પૂર્ણ કરવા બેઠકમાં વિનંતી કરાઈ હતી.જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારી દ્વારા રાજ્ય સૈનિક કલ્યાણ બોર્ડ ની યોજના અંગે માહિતી આપી હતી. પૂર્વ સૈનિકો/ સ્વ સૈનિકોના ધર્મપત્નીઓ તેમના આશ્રિતોને રૂ. બે લાખની વાર્ષિક આવક મર્યાદામાં માસિક આર્થિક સહાય આપવા માટે કુલ પાંચ કેસની ઓળખ કરી હતી જેમાંથી ચાર કેસોની મંજૂરી નિયામક શ્રી સૈનિક કલ્યાણ અમદાવાદ તરફથી મંજૂરી મળેલ છે. અને એક કેસ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે માસિક આર્થિક સહાયની સ્થિતિ જોઈ એ તો એપ્રિલ ૨૦૨૨ સી ડીસેમ્બર ૨૦૨૨ ના વર્ષમાં ૨૨૪ કેસોમાં કુલ રૂ. ૧૩,૧૪,૬૦૦/- ની સહાય ચૂકવવામાં આવી છે. આ ઉપરાંત અવસાન પામેલા સૈનિકોને અંતિમ ક્રિયા સહાય, મુખ્યમંત્રી જવાન રાહત ભંડોળની સહાય પણ ચૂકવવામાં આવે છે. સાબરકાંઠા અરવલ્લી જિલ્લામાં સૈનિકોની સંખ્યા વધુ છે તેમને મદદરૂપ થવાનો સૈનિક કલ્યાણ કચેરી દ્વારા પ્રયત્ન કરવામાં આવે છે. આ ઉપરાંત જિલ્લા કલેકટરશ્રીને પુનર્વસવાટ અધિકારી દ્વારા સવગઢ ખાતે સૈનિક કલ્યાણ ઓફિસ અને ગેસ્ટ હાઉસ માટેની કામગીરી અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા અને આ જગ્યાએ ઓફિસ માટે જમીન ફાળવવામાં આવી છે. જે ટેન્ડર પ્રક્રિયા કરીને કામ હાથ ધરવામાં આવશે જે અંગે એક કરોડ રૂપિયા ફાળવણી કરાઈ છે પણ ૭૮ લાખનો વધારાનો ખર્ચ સ્ટેન્ડરમાં વધુ આવતો હોય પુનઃ ટેન્ડરિંગ કરવાની પ્રક્રિયા હાથ ધરાશે. અધ્યક્ષશ્રી એ જ્યાં વહીવટી તંત્રની મદદની જરૂર હશે ત્યાં મદદ કરવાની તત્પરતા દર્શાવી હતી અને ફાળો આપનાર કેન્દ્રીય વિદ્યાલય, જવાહર નવોદય વિદ્યાલય ધનસુરા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, આઈ.ટી.આઈ, મામલતદાર તલોદ, વેચાણવેરા, તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી હિંમતનગર, વિભાગીય એસટી, કાર્યપાલક ઈજનેર આર.એન.બી., નાયબ વન સંરક્ષક, ભૂસ્તરશાસ્ત્રી, જી.આઇ.ડી.સી., જિલ્લા વિકાસ અધિકારી, આર.ટી.ઓ, યુ. જી.વી.સી.એલ. તથા સૌથી વધુ ફાળો રૂ. ૨,૫૦,૦૦૦/- આપનાર જિલ્લા પોલીસ વડાનું પણ જિલ્લા કલેકટર શ્રી એ ટ્રોફી આપી સન્માન કર્યું હતું અને સૌને યોગદાન આપવા બદલ અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી.

